ડાયરેક્ટ ❤ સે

પોતાના પર ચિંધાયેલી આંગળીનો જવાબ આપવો જરૂરી છે પણ દરેક સમયે નહીં, શ્રેષ્ઠ સમયે.

જન્મદિને વધામણી



નરહરિપ્રસાદ બારોટ
મો. ૯૭૨૪૨ ૬૨૮૧૨

રોનક આર પંડ્યા
સ્નેક લવર
મો. ૯૦૩૩૬ ૧૭૧૩૩

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

નવગુજરાત કૉમર્સ કૉલેજ ખાતે

તમાકુ અંકુશ અંગે કાર્યક્રમ યોજાયો

ભાગ લીધેલા વિદ્યાર્થિઓને ગુજરાત સરકાર દ્વારા ઈનામો એનાયત કરાયાં

ગાંધીનગર, તા. ૨૫

નવગુજરાત કૉમર્સ કૉલેજ, સેક્ટર-૨૮, ગાંધીનગર ખાતે જિલ્લા પંચાયત દ્વારા અને ડૉ. એમ એચ સોલંકી, મુખ્ય જિલ્લા સ્વાસ્થ્ય અધિકારીની ભલામણથી રાષ્ટ્રીય તમાકુ અંકુશ કાર્યક્રમ હેઠળ સેમિનાર, નાટક અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ શૈક્ષણિક સંસ્થામાં તમાકુ મુક્તિનો હતો. ૩ કલાક ચાલેલા આ કાર્યક્રમમાં ડીડીઓ, ડીએચઓ, વિવિધ કૉલેજના અધ્યાપકો અને નવગુજરાત કૉમર્સ કૉલેજનો તમામ શૈક્ષણિક-બિનશૈક્ષણિક સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

કાર્યક્રમના સમાપનમાં ભાગ લીધેલા તમામ વિદ્યાર્થિઓને ગુજરાત સરકાર દ્વારા અને જિલ્લા પંચાયતના હસ્તે ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં. કાર્યક્રમ કૉલેજના તમામ વિદ્યાર્થિઓ માટે જ્ઞાન અને ગમ્મત સાથે તમાકુ સેવનના વિરોધમાં પ્રણ લઈને તમાકુમુક્ત જીવન શરૂ કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

શ્રી સરસ્વતી શિશુવાટિકા અને પ્રાથમિક વિદ્યાલયનો વાર્ષિકોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૫

વિદ્યાભારતી અધ્યયન પ્રશિક્ષણ અને સંશોધન કેન્દ્ર ગાંધીનગર દ્વારા સંચાલિત શ્રી સરસ્વતી શિશુવાટિકા અને પ્રાથમિક વિદ્યાલયનો વાર્ષિકોત્સવનો કાર્યક્રમ શનિવારે સવારે ૧૦ કલાકે સામાજિક કાર્યકર્તા અને શ્રી સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ ગાંધીનગરના પ્રમુખ જીલુભા ધાંધલ અને ગાંધીનગર નગરપાલિકાનાં નગરસેવક હર્ષાબા ધાંધલની વિશેષ ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં શિશુવાટિકા અને પ્રાથમિક વિભાગનાં ભૂલકાઓએ સુંદર કૃતિઓ રજુ કરી પોતાની પ્રતિભાનું દર્શન કરાવ્યું હતું. બાળકો દ્વારા ભજવાયેલું સ્વચ્છતા અંગેનું નાટક ખૂબ પ્રભાવી રહ્યું હતું. આ પ્રસંગે વાલીઓ દ્વારા સુંદર ગરબો પ્રસ્તુત કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમનું સંચાલન દાંતીવાડા યુનીવર્સીટીના હોમ સાયન્સ ફેકલ્ટીના વિદ્યાર્થીઓ દ્વારા સુંદર રીતે કરવામાં આવ્યું હતું.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા

'મારી શાળા મારું ગૌરવ' પ્રૉજેક્ટ અંતર્ગત નિબંધલેખન, સુલેખન, વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર શહેરી વિસ્તારની સીઆરસી કક્ષાએ વિજેતા સરકારી પ્રાથમિક શાળાનાં બાળકોએ સ્પર્ધામાં ભાગ લીધો

ગાંધીનગર, તા. ૨૫

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર દ્વારા 'મારી શાળા મારું ગૌરવ' પ્રૉજેક્ટ અંતર્ગત શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાઓનાં બાળકોના સર્વાંગી વિકાસ માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે. આ ક્રમમાં તાજેતરમાં નિબંધ લેખન, સુલેખન અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગાંધીનગર શહેરી વિસ્તારની સીઆરસી કક્ષાએ વિજેતા થયેલી તમામ સરકારી પ્રાથમિક શાળાનાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જિલ્લાકક્ષાએ વિજેતા થનાર તમામ વિદ્યાર્થીઓને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર તરફથી બિરદાવી અભિનંદન આપવામાં આવ્યા હતા. ધોરણ-૩થી ૫ના વિભાગમાં વક્તૃત્વ સ્પર્ધામાં સેક્ટર-૨૦/૧ સરકારી પ્રાથમિક શાળાની વિદ્યાર્થિની અર્પિતા એમ વાણિયા, સુલેખન સ્પર્ધામાં સે. ૬ પ્રાથમિક શાળાની વિદ્યાર્થિની સુનિતા મકવાણા અને નિબંધ લેખન સ્પર્ધામાં સે. ૬ પ્રાથમિક શાળાની વિદ્યાર્થિની પ્રિયા એમ સેનમા વિજેતા બની હતી. ધોરણ-૬થી ૮ના વિભાગમાં વક્તૃત્વ સ્પર્ધામાં સે. ૨૦/૧ પ્રાથમિક શાળાની વિદ્યાર્થિની સોનલ જે ઠાકોર, સુલેખન સ્પર્ધામાં સે. ૧૬ પ્રાથમિક શાળાની વિદ્યાર્થિની પાયલ ડી પટણી અને નિબંધ લેખન સ્પર્ધામાં ઈન્દ્રોડા-૧ પ્રાથમિક શાળાની વિદ્યાર્થિની સુરેખા એન ગોહિલ વિજેતા બની હતી.

અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત

ચૌધરી કૉમર્સ કૉલેજમાં પર્સનલ ગ્રૂમિંગ વિષયે સેમિનાર

ગાંધીનગર, તા. ૨૫

અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત ચૌધરી કૉમર્સ કૉલેજમાં કૉલેજીયેટ વિમેન્સ ડેવલપમેન્ટ સેલ દ્વારા પર્સનલ ગ્રૂમિંગ વિષયે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઓરેન બ્યુટી અને વેલનેસ ઈન્સ્ટીટ્યુટનાં ડિરેક્ટર માલતી બુચ અને તેમની ટીમ દ્વારા વિદ્યાર્થિનીઓને વિવિધ ટીપ્સ આપવામાં આવી હતી. સમાજ, મિત્રવર્તુળ તેમજ નોકરીની જગ્યાએ પ્રસંગોપાત કેવી રીતે પોતાની જાતને રિપ્રેઝન્ટ કરવી તેની વિસ્તારથી સમજણ મેક-અપ અને હેરસ્ટાઈલના ડેમોન્સ્ટ્રેશન સાથે આપવામાં આવી હતી. નિષ્ણાત માલતી બુચ દ્વારા વિદ્યાર્થિનીઓને મેક-અપ, હેરસ્ટાઈલ અને સ્કીન કેરના પ્રવર્તમાન, ખોટા ખ્યાલો દૂર કરીને વિષયની સાચી માહિતી આપી હતી અને આજના યુગમાં બ્યુટી અને વેલનેસ પણ એક કેરિયર તરીકે વિકાસ પામી રહી છે ત્યારે ભવિષ્યમાં આ ક્ષેત્રમાં રહેલી ઉજળી તકો અંગે વિદ્યાર્થિનીઓને અવગત કરાવાયા હતા. ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓએ આ સેમિનારમાં ભાગ લીધો હતો. વિમેન્સ ડેવલપમેન્ટ સેલનાં ઈન-ચાર્જ પ્રૉ. દિશા પોપટે આજના યુગમાં પોતાની જાતને અપટુ ડેટ રાખવા માટે આ સેમિનારને ઉપયોગી ગણાવ્યો હતો. કૉલેજનાં પ્રિન્સિપાલ પ્રૉ. પ્રકૃતિ જોશીએ આવા ઉપયોગી કાર્યક્રમના આયોજન બદલ આયોજક અને વિદ્યાર્થિનીઓને અભિનંદન પાઠવ્યા હતા.

એલ. ડી. એન્જિ. કોલેજમાં સાહિત્ય સરિતાનો ધોધ વહ્યો

ગાંધીનગર, તા. ૨૫

એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજ દ્વારા દ્વારા ટેકનિકલ ક્ષેત્રે સાહિત્ય સર્જનને પ્રોત્સાહન આપવા અને ભાષાવૈવિધ્યને વધુને વધુ લોકોને પીરસવાના ઉદ્દેશથી સાહિત્ય સરિતા નામના બે દિવસના સાહિત્યોત્સવનું આયોજન કરાયું છે.

જેનું ઉદ્ઘાટન કરતાં કવિ અને ગુજરાત સાહિત્ય અકાદમીના પૂર્વ અધ્યક્ષ ભાગ્યેશ જહાએ જણાવ્યું હતું કે, સાહિત્ય એટલે મારો પોતાનો અવાજ એટલે સાહિત્ય, તેમને આ આયોજનથી પ્રેરણા લઈને યુવાનોને ભાષા તરફ પાછા ફરવાનો સંદેશ આપ્યો હતો. પ્રથમ વખત આ પ્રકારના કાર્યક્રમમાં કોઈ ગુજરાતી ફિલ્મનું ટ્રેલર લૉંચ કરવાની ઘટના બની, જેમાં ધ્રૂવ ભટ્ટની નવલકથા તત્વમસિ પરથી આવનારી ફિલ્મ રેવાનું ટ્રેલર લૉંચ કરવામાં આવ્યું હતું. જેમાં લેખક ધ્રૂવ ભટ્ટ સહિત ફિલ્મના મુખ્ય કલાકારો, લેખક દિગ્દર્શક સહિતના કાસ્ટના લોકો હાજર રહ્યા હતાં. તેમણે વિદ્યાર્થીઓ સાથે ફિલ્મ અંગે વાત કરી હતી. પ્રથમ દિવસે સફારી સામયિકના તંત્રી નગેન્દ્ર વિજયે પણ હાજરી આપી હતી, સામાન્ય રીતે કેમેરા અને પ્રસિદ્ધિથી દૂર રેહતા નગેન્દ્ર વિજયે ખાસ વિદ્યાર્થીઓની લાગણીઓને માન આપ્યું હતું. આ કાર્યક્રમમાં ધ્રૂવ ભટ્ટની નવલકથા તત્વમસિ પરથી આવનારી ફિલ્મ રેવાનું ટ્રેલર લૉંચ કરવામાં આવ્યું હતું. જેમાં લેખક ધ્રૂવ ભટ્ટ સહિત ફિલ્મના મુખ્ય કલાકારો, લેખક દિગ્દર્શક સહિતના લોકોએ વિદ્યાર્થીઓ સાથે ફિલ્મ અંગે વાત કરી હતી. શાયારનામા અંતર્ગત યુવાકવિ સંમેલન યોજાયું હતું. જેમાં મિલિંદ ગઢવી, અનિલ ચાવડા, ભાવેશ ભટ્ટ, મધુસૂદન પટેલ, ભાવિન ગોપાણી, તેજસ દવે અને લક્ષ્મી ડોબરીયાએ પોતાની ગમતી કૃતિઓ રજૂ કરી હતી.

શ્રી પી. કે. મહિલા આર્ટસ કૉલેજ દ્વારા

તમાકુ નિયંત્રણ અંતર્ગત વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા. ૨૫

શ્રી પી. કે. મહિલા આર્ટસ કૉલેજ દ્વારા તમાકુ નિયંત્રણ અંતર્ગત તા. ૨૧.૨.૨૦૧૮ના રોજ વર્કશોપ યોજાયો હતો.

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગાંધીનગર દ્વારા તમાકુ નિયંત્રણ અંતર્ગત વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કૉલેજની તમામ વિદ્યાર્થીનીઓ સહભાગી બની હતી. આ તમાકુ મુક્ત શૈક્ષણિક સંસ્થા જાગૃતિ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતમાંથી પ્રોગ્રામ ઑફિસર શ્રીમતી યોગિતાબેન તુલસીયા અને તેમની ટીમ તથા ડૉ. રાજેન્દ્ર આનંદ, કનોડિયા હોસ્પિટલમાંથી આવીને વિદ્યાર્થીનીઓને તમાકુથી થતાં નુકશાન અંગે તેમજ વ્યસન છોડવામાં મદદ કરી આપ લોકોનું સ્વાસ્થ્ય સુધારવામાં મહત્તમ યોગદાન આપી શકો છો તે અંતર્ગત માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં 'તમાકુ સ્વાસ્થ્ય માટે હાનિકારક છે.' તે વિષય ઉપર વક્તૃત્વ સ્પર્ધા તેમજ રોલ પ્લેનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કૉલેજની વિદ્યાર્થીનીઓ સહભાગી બની હતી. આ સ્પર્ધામાં ચૌધરી બીનલ પ્રથમ ક્રમાંક અને રાઠોડ જહાન્વી દ્વિતીય ક્રમાંક મેળવી ટ્રોફી પ્રાપ્ત કરી હતી. જયારે રોલ પ્લે સ્પર્ધામાં પટેલ નૂઝહત, જાની મિત્રા, ચૌધરી હીના પ્રથમ ક્રમાંક મેળવી ટ્રોફી પ્રાપ્ત કરી હતી. આ વિષય અંતર્ગત આરોગ્ય શાખા, જિલ્લા પંચાયત, ગાંધીનગર દ્વારા તમાકુ નિયંત્રણ અંગેની માર્ગદર્શિકાનું વિતરણ પણ કર્યું હતું.સમગ્ર વર્કશોપનું આયોજન કૉલેજના આચાર્યા ડૉ. ઉર્મિલાબેન ચૌધરીના માર્ગદર્શન હેઠળ પ્રા. ડૉ. સોનલ વી. મોદી દ્વારા કરવામાં આવ્યું હતું. આ ટ્રોફી મેળવનાર વિદ્યાર્થીનીઓને કૉલેજ પરિવાર ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

લીઓ કપ-૨૦૧૮ કબડ્ડી સ્પર્ધામાં પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓ ઝળક્યા

ગાંધીનગર, તા. ૨૫

લીયો કલબ ઑફ ગાંધીનગર દ્વારા આયોજિત લીઓ કપ-૨૦૧૮ કબડ્ડી સ્પર્ધાનું આયોજન સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર સેકટર-૭ ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ૬ જેટલી ટીમોએ ભાગ લીધો હતો. અંડર-૧૯ (ભાઈઓ) માટે આયોજિત આ સ્પર્ધામાં પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. દરેક સ્પર્ધકને લીઓ કલબ દ્વારા ટીમ દીઠ અલગ કલરની ટી-શર્ટ આપવામાં આવી હતી. લીઓ કલબના પ્રમુખ મૌલિક પ્રજાપતિ, કો-એરિયા ચેરમેન કથન ત્રિવેદી, નિખિલ સોની, મહર્ષિ દવે અને ઋત્વિક પટેલ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. સ્પધકો માટે નાસ્તાની વ્યવસ્થા પણ કલબ દ્વારા કરવામાં આવી હતી. ફાઈનલ મેચ એસ.વી. પટેલ સ્કૂલ અને પ્રેરણા વિદ્યાલય વચ્ચે યોજાઈ હતી. જેમાં પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓએ બીજા ક્રમે વિજેતા થયેલ છે. લીઓ કલબ દ્વારા વિજેતા અને ઉપવિજેતા બંને ટીમોને ટ્રોફી દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. કબડ્ડીની સ્પર્ધામાં વિજેતા થયેલ વિદ્યાર્થીઓને શાળાના ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલાએ તથા આચાર્ય મનિષભાઈ ખત્રીએ શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવ્યા હતા.

શ્રી સ્વામિનારાયણ પોલીટેકનીક ખાતે

વિદ્યાર્થીઓનો થેલેસેમિયા ટેસ્ટ કરાયો

ગાંધીનગર, તા. ૨૫

શ્રી સ્વામિનારાયણ પોલીટેકનીક અને પ્રથમા લેબોરેટરીના સહયોગથી ૩૦૭ વિદ્યાર્થીઓનો થેલેસેમિયા ટેસ્ટ કરવામાં આવ્યો હતો. આજના ઝડપી યુગમાં અકસ્માતોનું પ્રમાણ વધ્યું છે ત્યારે વિદ્યાર્થીઓને થેલેસેમિયાથી ગ્રસ્ત હોવા અંગે અને તેની વિપરીત અસરો અંગે જ્ઞાન મળે તે હેતુથી આ ઉપક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત વિદ્યાર્થીઓને થેલેસેમિયા રોગ અને ભવિષ્યમાં આ ટેસ્ટની જરૂરિયાત વિશે પણ જાણકારી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓ આ બાબતની જાણકારી અન્ય લોકોને આપે અને એક સ્વસ્થ સમાજ થકી રાષ્ટ્ર પણ સ્વસ્થ બને તેવી અપેક્ષા આ પ્રસંગે વ્યકત કરવામાં આવી હતી. આચાર્ય ધર્મેશ વન્ડરા દ્વારા સ્ટાફ, વિદ્યાર્થીઓ અને પ્રથમા લેબોરેટરીનો આ ઉપક્રમમાં ભાગ લેવા બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત

ચીમનલાલ મંગળદાસ ગ્રંથાલય દ્વારા આજે 'વેલકમ ટુ અમદાવાદ' ફિલ્મ દર્શાવાશે

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ચીમનલાલ મંગળદાસ ગ્રંથાલય વિદ્યાર્થીઓ માટે ઉપયોગી એવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરી રહ્યું છે. ગ્રંથાલયના સર્વપ્રથમ કાર્યક્રમ તરીકે તા. ૨૬ ફેબ્રુઆરીના રોજ અમદાવાદના જન્મદિવસ નિમિત્તે ડૉ. માણેક પટેલ 'સેતુ' દ્વારા તૈયાર કરવામાં આવેલી 'વેલકમ ટુ અમદાવાદ' ડૉક્યુમેન્ટરી ફિલ્મ દર્શાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની માહિતી આપતાં પરિષદના મહામંત્રી પ્રફુલ્લ રાવલ અને ગ્રંથાલયના મંત્રી પરીક્ષિત જોષીએ જણાવ્યું છે કે શ્રી પ્રણવાનંદ વિદ્યાલયના વિદ્યાર્થીઓ સવારે ૧૦થી ૧૨ કલાક દરમિયાન આ ફિલ્મના કાર્યક્રમ નિમિત્તે અમદાવાદ વિશે વિશેષ માહિતી મેળવશે.